**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી / ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ અંગે**

**શોકદર્શક ઉલ્લેખ**

**માનનીય મુખ્યમંત્રીશ્રી**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**વિરોધપક્ષના નેતાશ્રી**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**અન્ય સભ્યશ્રીઓ**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**માનનીય અધ્યક્ષશ્રી**

**અધ્યક્ષ :** સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી, પૂર્વ મંત્રી સ્વ.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાથાભાઇ પટેલ, સ્વ.શ્રી મોહનદાસ શાહ, સ્વ.શ્રી સુનીલભાઇ ઓઝા, સ્વ.શ્રીમતી જયોત્સનાબહેન સોમાણી, સ્વ.શ્રી ધનજીભાઇ સેંધાણીના અવસાન અંગેના જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેને આ ગૃહના સભ્યશ્રી અને કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીતભાઇ ચાવડા તેમજ અન્ય સભ્યશ્રીઓએ અનુમોદન આપ્યું છે. હું પણ આ પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું.

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી સ્વ.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ કે જેઓએ પાંચ વાર આ સભાગૃહમાં અને બે વાર લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વર્ગસ્થ હંમેશા છેવાડાના માનવીને લક્ષમાં રાખીને તેઓના ઉત્કર્ષ માટે જીવન પર્યંત ઝઝુમતા રહયા હતા. સ્વ.શ્રી પ્રભાતસિંહ ચૌહાણને હું હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરૂ છું.

વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલનું ગઈકાલે તા.૩૧/૦૧/૨૪ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ. સ્વ.શ્રી નાથાભાઈએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈને હિંમતનગર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તેઓએ જીવનપર્યંત સમાજસેવા થકી તેમના વિસ્તારમાં લોકપ્રિય સેવક તરીકે જીવન વ્યતિત કર્યુ હતું. સ્વ.શ્રી નાથાભાઈ પટેલને હું હૃદયપૂર્વક અર્પણ કરૂ છું.

સ્વ.શ્રી મોહનદાસ શાહએ ભુજ વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઈને ૧૯૮૦-૮૪ દરમિયાન આ સભાગૃહમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વ.શ્રી મોહનલાલ શાહ રેડક્રોસ સોસાયટી, ઈન્ડિયા કોન્ફરન્સ ઓફ સોશીયલ વર્ક, વિશ્વ ગુજરાતી પરિષદ અને પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભુજ સાથે સંકળાયેલા હતા. તેઓ આ દરેક સંસ્થાઓને આર્થિક સહયોગ આપી દાતા તરીકે નામના ધરાવતા હતા. આવા શ્રી મોહનદાસ શાહને હું હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરૂ છું.

સ્વ.શ્રી સુનિલભાઈ ઓઝાએ ભાવનગર (દક્ષિણ) વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઈને દસમી અને અગિયારમી વિધાનસભામાં પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓશ્રી કોલેજકાળથી જ સંગઠનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. સ્વ.શ્રી સુનિલભાઈએ ૮૦ના દશકમાં "પગદંડી" સાંધ્ય સમાચાર પત્ર દ્વારા સામાજિક ઉત્થાનનું ઉમદા કાર્ય કર્યુ હતું. તેઓશ્રીએ ૧૯૯૫માં ભા.જ.પ.ના મહામંત્રી પદની જવાબદારી સંભાળી હતી. તેઓશ્રીએ "ડીલીમીટેશન સમિતિ"ના સભ્ય તરીકેની જવાબદારીઓ પણ સંભાળી હતી. સ્વ.શ્રી સુનિલભાઈએ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના લોકસભા મત વિસ્તાર વારાણસીની જવાબદારીઓ નિભાવી હતી. તેઓશ્રી કાશીમાં ગંગા કિનારે "ગદૌલી

આશ્રમ"ની સ્થાપના કરી. ગૌ-સેવાનું કાર્ય જીવન પર્યંત કરતા રહયા હતા. સ્વ.શ્રી સુનિલભાઈ મારા સારા મિત્ર રહયા હતા. તેઓ તેમની પાછળ પત્નિ ગં.સ્વ. સુચેતાબેન અને બે પુત્ર શ્રી વિરલભાઈ અને ઋત્વિજભાઈને છોડીને ગયા છે. પ્રભુ તેમના દિવ્યાત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરૂ છું અને સ્વર્ગસ્થશ્રી સુનિલભાઈને હું હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરૂ છું.

સ્વ.શ્રીમતી જયોત્સનાબહેન સોમાણી કે જેઓ ૨૦૦૨ની ચૂંટણીમાં વિજયી બની આ સભાગૃહમાં વાંકાનેર વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ સમાજસેવાના ભેખધારી હતા. વાંકાનેર કુવાડવા વિધાનસભા વિસ્તારના વિકાસમાં તેઓએ સિંહફાળો આપ્યો હતો. વાંકાનેરનું હિત હંમેશા તેમના હૈયે રહયું હતું. વાંકાનેરની ૯૯ દિકરીઓના સમૂહલગ્ન કરાવી સમાજોપયોગી ઉમદા કામ કર્યુ હતું. સ્વ. જયોત્સનાબેનના પતિ વાંકાનેર વિસ્તારના સભ્યશ્રી જીતેન્દ્રભાઈ સોમાણી અત્રે સભાગૃહમાં ઉપસ્થિત છે, તેમને દિલસોજી પાઠવું છું અને સ્વ. શ્રીમતી જયોત્સનાબેનને હું હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરૂ છું.

સ્વ.શ્રી ધનજીભાઇ સેંધાણી શરૂઆતમાં યુગાન્ડા ખાતે અને ત્યારબાદ દુબઇ ખાતે સ્થાયી થયા હતા. સ્વદેશ પરત ફરી રાજકારણમાં સક્રીય થયા હતા. તેઓએ સન ૧૯૮૧માં રાજપર ગામના ઉપસરપંચ તરીકેની જવાબદારી સંભાળી રાજકીય કારર્કિદીની શરૂઆત કરી હતી. સન ૨૦૦૭માં તેમણે આ સભાગૃહમાં માંડવી વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ તેમના વિસ્તારમાં "મંગલદાદા" ના હુલામણા નામથી જાણીતા હતા. તેઓએ પંચાયત, સહકાર અને સરકાર એમ વિવિધ ક્ષેત્રે જવાબદારીઓ નિભાવી હતી. શ્રી ધનજીભાઇ સેંધાણીને હું હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરૂ છું.

આજે જે સ્વ. સભ્યશ્રીઓના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા તે પૈકી સ્વ.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ, સ્વ.શ્રી સુનિલભાઇ, સ્વ.શ્રીમતી જયોત્સનાબહેન અને સ્વ.શ્રી ધનજીભાઇ સેંધાણી સાથે આ સભાગૃહમાં કામ કરવાની મને તક મળી છે અને તેઓની આ સભાગૃહની કાર્યવાહી મેં નજીકથી નિહાળી છે અને તેઓની કામગીરીમાંથી મને પણ ઘણું શીખવા મળ્યું છે.

ઉકત તમામ સદ્‌ગતોના અવસાનથી તેઓના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના કરૂ છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા પર ઉભા થઈ બે મિનિટ મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

NEXT

# પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહમાં કરવાના શોકદર્શક ઉલ્લેખની યાદી

| ક્રમાંક | સ્વર્ગસ્થનું નામ |
|---|---|
| ૧ | સ્વ.શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ<br>ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી |
| ૨ | સ્વ. શ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલ<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી |
| ૩ | સ્વ. શ્રી મોહનદાસ નેમચંદ શાહ<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી |
| ૪ | સ્વ. શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી |
| ૫ | સ્વ. શ્રીમતી જયોત્સનાબહેન જીતેન્દ્રભાઇ સોમાણી<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી |
| ૬ | સ્વ. શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણી<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી |